# Greenlawns High School

MUMBAI - 400036

**For the Final Examination Year 2023-24** **Time: 3 hours**

**Std: VII** **Sub: Gujarati 2 Lang** **Date: ____________** **Marks: 80**

**Name: ____________________________________ Roll No. _____________**

**વિભાગ - અ**

**SECTON A (40 MARKS)**

**સૂચના: દરેક પ્રશ્નના ઉત્તર લખવા જરૂરી છે.**

**પ્રશ્ન ૧. નીચે આપેલા વિષયો માંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.** **(૧૦)**

૧. મારા જીવન નો એક રમુજી (હાસ્ય) પ્રસંગ.
૨. જીવન માં શિસ્ત (descipline) નું મહત્વ.
૩. પર્યાવરણ બચાવો.

**પ્રશ્ન ૨. નીચે આપેલા વિષયો માંથી કોઈ પણ એક વિષય પર પત્ર લખો.** **(૭)**

૧. તમે મોકલેલી મમ્મીને ભેટ કેવી લાગી તે વિષય માતાને પત્ર લખો.
૨. મિત્ર/સખી ને રમત નું મહત્વ સમજાવતો પત્ર લખો.

**પ્રશ્ન ૩. નીચે આપેલો ગદ્યખંડ વાચી પ્રશ્નો ના જવાબ લખો.** **(૧૦)**

એક રાજાને એકવાર સપનામાં ખુદ યમરાજ લેવા આવ્યા. ઉપર જઈને એને પૂછવામાં આવ્યું કે, તારે નરકમાં જવું છે. કે સ્વર્ગમાં ? રાજાએ કહ્યું કે એ નક્કી કરવાની તક મને મળતી હોય તો હું સ્વર્ગમાં જવાનું જ પસંદ કરીશ. એને કહેવાયું કે સ્વર્ગમાં જવું હોય તો તારે પાંચ મૂરખ માણસો સાથે જવું પડશે અને નરકમાં જવું હોય તો તારે પાંચ ડાહ્યા માણસો સાથે રહેવાની તક મળશે.
રાજા હજી કંઈ કહે એ પહેલા તેની આંખ ઊઘડી ગઈ. એ જાણીને તે ખુશ થયો.

પણ એ દિવસે રાજા દરબારમાં ગયો. તેણે પેલો સવાલ પોતાના વિશ્વાસુ પ્રધાનને કર્યો. પ્રધાને આંખ મિંચીને કહ્યું કે, સ્વર્ગમાં જવાની તક મળતી હોય તો સાથે કોણ છે એ ન જોવાય.

બીજા દરબારીઓએ પણ આવું જ કહ્યું, પણ રાજાના ગુરુ એ વાત પર હસી રહ્યા હતા. રાજાના પૂછવા પર ગુરુએ તેને કહ્યું, પાંચ મૂરખાઓ સાથે સ્વર્ગમાં જવાની અને પાંચ ડાહ્યા માણસો સાથે નરકમાં જવાની પસંદગી તક મળે તો માણસે ડાહ્યા માણસો સાથે નરકમાં જવું જોઈએ.

બધા દરબારીઓએ દેકારો કરી મૂક્યો કે, રાજાને નરકમાં જવાની સલાહ કઈ રીતે આપી શકાય ?

જો કે રાજાએ બધાને શાંત પાડીને ગુરુને નરકમાં જવાનું સૂચન આપવાનું કારણ પૂછ્યું. ગુરુએ કહ્યું, જ્યાં શાણા માણસો હોય ત્યાં સ્વર્ગ આપોઆપ ખડું થઈ જાય છે, પણ જ્યાં મૂરખાઓ ભેગા થાય ત્યાં સ્વર્ગ

હોય તો પણ નરક રચાઈ જાય છે !

૧. રાજાને અંતમાં કોણે કઈ સાચી સલાહ આપી ? તેનું કારણ જણાવો.

૨. રાજાને સપનામાં કોણે કયો પ્રશ્ન કર્યો ? રાજાએ તેને શું જવાબ આપ્યો ?

૩. રાજા પાસે કઈ શરત મૂકવામાં આવી ? પ્રધાને રાજાને શી સલાહ આપી? શામાટે?

૪. ગુરુએ રાજાને શી સલાહ આપી ?

૫. ગદ્યખંડમાંથી મળતો બોધ લખી ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**પ્રશ્ન ૪. સૂચના પ્રમાણે કરો.**

**ક. નીચે આપેલા વાક્યો ના કાળ બદલી ફરી લખો. (૨)**

૧. દાણા બરાબર સાચવી ને રાખ્યા છે. (ભૂતકાળ)
૨. વસંત ઋતુ માં સુંદર ફૂલો ખીલ્યા હતા. (ભવિષ્યકાળ)

**ખ. નીચે આપેલા વાક્યો ના વચન બદલી ફરી લખો. (૨)**

૧. આ ચાદરો સીતા ની છે.
૨. મારા માસી મારી માટે સુંદર ઘડિયાળ લાવ્યા.

**ગ. નીચે આપેલા વાક્યોમાં સંજ્ઞા ઓળખી પ્રકાર લખો. (૨)**

૧. શિયાળામાં લોકો બાજરીના રોટલા ખાય છે.

૨. નદીનું જીવનમાં મહત્વનું સ્થાન છે.

**ઘ. શબ્દ સમૂહ બદલે એક શબ્દ લખો.** **(૩)**

૧. બકરી નું બચ્ચું -
૨. શિવ નું ભયાનક નૃત્ય -
૩. પત્ની ની બહેન ના પતિ -

**ચ. નીચે આપેલા રૂઢિ પ્રયોગ ના અર્થ લખી વાક્ય માં વાપરો.** **(૪)**

૧. કોણી એ ગોળ લગાળવો -
૨. એક નું બે ન થવું -

## વિભાગ બ
## SECTON B (40 MARKS)

**પ્રશ્ન ૫. નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** **(૪)**

૧. પવિત્ર -
૨. પાઘડી -
૩. ભંડાર -
૪. નજર -

**પ્રશ્ન ૬. નીચે આપેલા શબ્દો ના વિરોધી લખો.** **(૪)**

૧. પાપ X
૨. ખરબચડો X
૩. સગુણ X
૪. ડાહ્યું X

**પ્રશ્ન ૭. નીચે આપેલા શબ્દો ની જોડણી સુધારી ફરી લખો.** **(૪)**

૧. જડિબટ્ટી
૨. અસ્તીતવ
૩. સવચછ
૪. વીભુતી

**પ્રશ્ન ૮. નીચે આપેલા શબ્દો પરથી વાક્ય બનાવો.** **(૪)**

૧. જીવતર -
૨. ચૂકી -
૩. દૃષ્ટિ -
૪. પળ –

**પ્રશ્ન ૯. નીચે આપેલું વાક્ય કોણ બોલેછે, કોને કહે છે, ક્યારે.** **(૨)**

"મા મારું શરીર લૂછી આપ."

**પ્રશ્ન ૧૦. નીચે આપેલા પ્રશ્નો ના જવાબ એક શબ્દ માં લખો.** **(૫)**

૧. વિદ્યા સેના થી શોભે છે?
૨. નહાવાનું પાણી ક્યાં જતું હતું?
૩. ચકડોળ કેવી રીતે ચાલે છે?
૪. શાળા માં અલગ અલગ વિષયો ભણાવવા થી બાળક ને શું મળે છે?
૫. ગાંધી વાદીયો શેનો દંભ કરે છે?

**પ્રશ્ન ૧૧. નીચે આપેલા પ્રશ્નો ના જવાબ એક વાક્ય માં લખો.** **(૫)**

૧. સંધ્યા સમયે શ્યામ કઈ રમત રમતો?
૨. આજનો માનવી પોતાનું જીવન ક્યાં વેડફી નાખે છે?
૩. સારા ઘર ની સ્ત્રીઓ ઉનાળામાં કેવા કપડાં પહેરેછે? તેના થી શું થાય છે?
૪. બાળક ને ક્યાં જવું છે? તેની માટે તે કેવી રીતે જાય છે?
૫. ચકડોળ નો હીંચકો કેવી રીતે ચાલે છે અને તેની મજા કોણ લે છે?

**પ્રશ્ન ૧૨. નીચે આપેલા પ્રશ્નો ના જવાબ પૂરા વાક્ય માં લખો.** **(૧૨)**

૧. થોરો ના મત પ્રમાણે સુખી જીવન ની વ્યાખ્યા પાઠ ના આધારે તમારા શબ્દો માં સમજવો.
૨. સમય નો સદુપયોગ આપણા કેવી રીતે કરવો જોઈએ? શા માટે? તમે કઈ રીતે સમય નો સદુપયોગ કરો છો એક ઉદાહરણ આપો.
૩. પવિત્ર આંસુ કઈ પુસ્તક માં થી લેવા માં આવ્યું છે? તેમાં માતા બાળક ને કઈ શિખામણ આપે છે? મીરા બાઈ નું ઉદાહરણ લઈ ને શું સમજાવે છે?
૪. મારું ચકડોળ કવિતા દ્વારા કવિ શું સમજાવા માંગે છે?